# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર)

સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## નવેમ્બર-૨૦૨૫

## બાળ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તારીખ **૧૪ નવેમ્બર ૨૦૨૫**ના રોજ **બાળ દિવસ** નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં પંડિત જવાહરલાલ નહેરૂના જીવન પર આધારિત એક માહિતી સભર કાર્યક્રમ યોજાયો હતો. ભારતના પ્રથમ વડાપ્રધાન અને બાળકોના પ્રિય ચાચા નહેરૂજીના જન્મદિવસને બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અવસર પર શિક્ષકો દ્વારા બાળકોને નહેરૂજીના જીવન, કાર્ય અને તેમના રાષ્ટ્રીય યોગદાન વિશે સરળ અને રસપ્રદ રીતે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા નહેરૂજીના જન્મ, મૃત્યુ, માતા-પિતાનું નામ તથા તેમના વ્યકિતત્વના વિવિધ પાસાઓ દર્શાવતો સુંદર ચાર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.






✷ સ્થળ ✷

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust



# લર્નિંગ સેન્ટર

તારીખ ૦૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશનના લર્નિંગ સેન્ટરમાં બાળકોની પરીક્ષાનું પરીણામ આપવામાં આવ્યું હતું. બાળકોએ ૬ મહિના મહેનતપૂર્વક અભ્યાસ કર્યો હોવાથી તેમના પરિણામોમાં પણ તેનો સરસ દેખાવ જોવા મળ્યો હતો. ઘણા બાળકોએ પહેલાં કરતાં વધુ ગુણ મેળવ્યા હતા અને શિક્ષકો દ્વારા કરાવેલી તૈયારીઓનો તેમને ખુબ મોટો ફાયદો થયો. ખાસ કરીને જે બાળકો અભ્યાસમાં થોડા નબળા હતા. તેઓએ પણ આ વખતે સારી પ્રગતિ બતાવી, વાંચન, લખાણ, ગણિત અને સામાન્ય જ્ઞાનમાં બાળકોએ સ્પષ્ટ સુધારો કર્યો હતો. લર્નિંગ સેન્ટરમાં લેવાતા વધારાના કલાસ, વ્યકિતગત સમજ, સર્વાંગી વિકાસ અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનથી બાળકોના આત્મવિશ્વાસમાં પણ વધારો થયો હતો. પરિણામ જાહેર થયા પછી બધા બાળકો બહુ ખુશ થયા અને સંસ્થાના શિક્ષકો તરફથી તેમને અભિનંદન તથા પ્રોત્સાહન મળ્યું. આજનો દિવસ બાળકો માટે ખાસ રહ્યો, કારણકે તેમની મહેનતને યોગ્ય પરિણામ મળ્યું.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં બીજા સત્રની શુભ શરૂઆત, પરિણામ અને શિક્ષકો દ્વારા બાળકોને સર્વાંગી વિકાસ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં બીજા સત્રની શુભ શરૂઆત બાળકોને ૬ માસિક પરીક્ષાનું પરિણામ આપવામાં આવ્યું હતું. સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં બીજા સત્રની શુભ શરૂઆતના પ્રથમ દિવસે બાલસભા દ્વારા કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રી તથા શિક્ષકો દ્વારા બાળકોનું સ્વાગત કરીને અધ્યાપન કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

શાળાના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે શિક્ષકો દ્વારા અલગ-અલગ અનાજ, કઠોળ અને વિષય વાર વિદ્યાર્થીઓ સાથે મળીને ઘણાબધા પ્રોજેકટ અને ચાર્ટ બનાવવામાં આવ્યા હતાં.

તારીખ ૦૬ નવેમ્બર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા અને એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં દિવાળી વેકેશન પૂર્ણ થયું હતું. રજાઓ પુરી થયા પછી આજે ફરી એકવાર બાળકોમાં શાળાએ આવવાનો ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. લાંબા વિરામ પછી પોતાના મિત્રો અને શિક્ષકોને મળવાનો આનંદ બાળકોના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

શાળાના પરિસરમાં ફરીથી ખુશી, રમતો અને શીખવાનો માહોલ જીવંત બની ગયો. કેટલાક બાળકો દિવાળી વેકેશન દરમિયાન કરેલી મજા અને નવા અનુભવો શેર કરતા હતા, જ્યારે કેટલાક નવા પાઠ શીખવાની ઉત્સુકતા સાથે વર્ગખંડમાં બેઠા હતાં. શિક્ષકો પણ બાળકોને અભ્યાસમાં ફરી નિયમિત થવા માટે પ્રોત્સાહન આપી રહ્યા હતાં.

આ રીતે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા અને એન. પી. મેહતા પ્રાથમિક શાળામાં આજે નવી ઉર્જા અને ઉમંગ સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓની સફળ શરૂઆત થઈ હતી.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## • ગુરૂનાનક જયંતિની ઉજવણી

તારીખ ૦૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ગુરૂનાનક જયંતિ નિમિત્તે ખુબ જ ભાવપૂર્વક અને આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ગુરૂનાનક દેવજીના સ્મરણથી કરવામાં આવી, જેમાં બાળકોને ગુરૂનાનક દેવજીના જીવન વિશે રસપ્રદ રીતે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમણે કેવી રીતે માનવતા, સમાનતા, દયા અને સત્યના માર્ગ પર ચાલવાનો ઉપદેશ આપ્યો હતો.

બાળકોને સમજાવવામાં આવ્યું કે ગુરૂનાનકજીએ સમાજમાં રહેલી ભેદભાવ ની દિવાલો તોડીને ‘‘એક સમાન’’નો સંદેશ આપ્યો, જે સમગ્ર માનવજાતને એકતાનો પાઠ શીખવે છે. આ સાથે-સાથે બાળકોને પ્રાચીન ઈતિહાસ વિશે પણ સમજાવવામાં આવ્યું. ગુરૂ પરંપરાની શરૂઆત કેવી રીતે થઈ, તે સમયમાં સામાજીક અને ધાર્મિક પરિસ્થિતીઓ કેવી હતી અને ગુરૂનાનક દેવજીના ઉપદેશોએ સમાજમાં કેવા સકારાત્મક બદલાવો લાવ્યા તેની ઘણી બધી માહિતી બાળકોને આપવામાં આવી હતી.





## ● અવલોકનની પ્રવૃત્તિ

તારીખ **૨૨ નવેમ્બર ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં બાળકો માટે સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ખાસ અવલોકન પ્રવૃતિ યોજવામાં આવી હતી. આ પ્રવૃતિનો મુખ્ય હેતુ બાળકોમાં જ્ઞાનની વૃદ્ધિ કરવી, વસ્તુઓને નજીકથી સમજવાની ક્ષમતા વિકસાવવી અને પ્રકૃતિ પ્રત્યે રસ ઉત્પન્ન કરવાનો હતો.

આ અવલોકન પ્રવૃતિ અંતર્ગત બાળકોને અનાજ અને કઠોળના વિવિધ પ્રકારો બતાવવામાં આવ્યા. જેમાં ઘઉ, ચોખા, મગ, તુવેર, ચણા, રાજમા, અડદ વગેરે દાણા હાથમાં પકડીને સ્પર્શ કરવા અને સમજવાની તક આપવામાં આવી હતી. શિક્ષકોએ દરેક અનાજ અને કઠોળના નામ, તેનો રંગ, આકાર, કદ અને ઉપયોગ અંગે સરળ ભાષામાં સમજાવ્યું હતું.





## એસિડ અને બેઈઝની ઓળખ

તારીખ **૨૯ નવેમ્બર ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં બાળકો માટે સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિ અંતર્ગત બાળકો માટે ‘‘એસિડ અને બેઈઝની ઓળખ’’ વિષય પર રસપ્રદ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં બાળકોને લિટમસ પત્રનો ઉપયોગ કરીને પદાર્થ એસિડ છે કે બેઈઝ તે કેવી રીતે ઓળખવું તેની સરળ સમજુતી આપવામાં આવી હતી.

પ્રવૃત્તિ દરમિયાન શિક્ષક શ્રી સૌપ્રથમ એસિડ અને બેઈઝ શું છે, તેમના લક્ષણો કયા છે અને લિટમસ પેપર કેવી રીતે કામ કરે છે. તે સમજાવ્યું, ત્યારબાદ પ્રેક્ટિકલ રીતે વિવિધ દૈનિક ઉપયોગની વસ્તુ લિટમસ પેપર પર મુકીને તેનો રંગ કેવી રીતે બદલાય છે તે બાળકોને બતાવવામાં આવ્યું હતું.





# તહેવારોની ઉજવણી

## ● દેવ દિવાળીની ઉજવણી

તારીખ **૦૫ નવેમ્બર ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં કાર્તિક સુદ પૂર્ણિમાના પાવન દિવસે **દેવ દિવાળી**ની આનંદમય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને દેવ દિવાળીના મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં.

બાળકોને જણાવવામાં આવ્યું કે દેવ દિવાળી હિંદુ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે, જેને "દેવ દિવાળી" અથવા "કાર્તિક પૂર્ણિમા" તરીકે પણ ઓળખવામાં આવે છે. એવી માન્યતા છે કે આ દિવસે દેવતાઓ સ્વર્ગથી પૃથ્વી પર આવી ગંગા નદીના તટે દીપ પ્રગટાવી આનંદ ઉજવે છે, તેથી તેને દેવોની દિવાળી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે ગંગા સ્નાન, દીપદાન અને દાન-પુણ્યનું વિશેષ મહત્ત્વ છે.

આ સાથે-સાથે સંસ્થાના બાળકોને ભગવાન શ્રી કૃષ્ણના જીવન પ્રસંગ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. સમજાવવામાં આવ્યું કે આજના જ દિવસે ભગવાન દ્વારકાધીશ દ્વારકા છોડી ડાકોરના ઠાકોરજી તરીકે પધાર્યા હતાં. આ દિવ્ય પ્રસંગ બન્યાને હવે ૮૬૯ વર્ષ પૂર્ણ કરી ૮૭૦માં વર્ષના મંગલ પ્રવેશની શરૂઆત થઈ છે. આ પ્રસંગે સૌએ ઠાકોરજીના ભજન-કીર્તન, આરતી અને પ્રસાદ વિતરણ દ્વારા ઉત્સવ ઉજવવો જોઈએ.








# શ્રદ્ધાંજલી કાર્યક્રમ

## ● સ્વ. માલતિબેન ગીલની શ્રદ્ધાંજલી

સ્વ. માલતીબેન ગીલની પૂણ્યતિથિ નિમિત્તે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના બાળકો તેમજ કાર્યકરો સૌએ મળીને સ્વ. માલતિબેનના જીવન, નિષ્ઠાભર્યા સેવાભાવ અને સમાજ સુધારા કરવા માટેના અનન્ય યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

બાળકોએ તેમની લાગણીઓ વ્યકત કરતા હૃદયસ્પર્શી પ્રાર્થના દ્વારા સ્વ. માલતીબેન પ્રત્યેનો આદર વ્યકત કર્યો. કાર્યકમની શરૂઆત દીપ પ્રજવલનથી કરવામાં આવી અને ત્યારબાદ સૌએ બે મિનિટનું મૌન રાખી તેમની પવિત્ર સ્મૃતિને વિનમ્ર નમન કર્યું.

બાળકો દ્વારા રજુ કરાયેલા સંસ્કારસભર કાર્યકમમાં સ્વ. માલતીબેનના વ્યકિતત્વની મહાનતા તથા તેમના મુલ્યોની ગાથા ઝળહળી ઉઠી હતી.








# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરૂણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૩૯** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટ્યું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૫ના નવેમ્બર મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સ્વ. નયનાબેન પરમારનાં સ્મરણાર્થે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૩૧ | ૨૨૭ | ૪૫૮ | શ્રી બટુકભાઈ પરમાર |
| ૨. | સંસ્થાના બાલમંદિરના બાળકોના પૌષ્ટિક આહાર માટે કરિયાણું આપવામાં આવ્યું હતું. | -- | -- | -- | શ્રી પ્રશાંતભાઈ મામોતરા |
| ૩. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૭૨ | ૬૪ | ૧૩૬ | શ્રી રોટરી કલબ ઓફ ભાવનગર (વાઈબ્રન્ટ) |



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૫ના નવેમ્બર મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | -- | -- | -- | શ્રી રોટરી કલબ ઓફ ભાવનગર (વાઈબ્રન્ટ) |



# સીવણ કલાસીસ

ખેડુતવાસ વિસ્તારની આર્થિક રીતે જરૂરીયાતમંદ બહેનોને આત્મનિર્ભર બનાવવાના હેતુંથી સ્નેહા ફાઉન્ડેશન દ્વારા સીવણ કલાસની શરૂઆત કરવામાં આવી હતી. સમાજના વંચિત વર્ગની બહેનોને રોજગારીના નવા રસ્તા ખુલ્લા થાય, કુશળતામાં વધારો થાય અને ઘરેલુ આવકમાં વધારો થાય એ ઉદ્દેશ સાથે આ પહેલ હાથ ધરવામાં આવી છે.

આ તાલીમ દ્વારા બહેનોને બેઝિક સીવણ કલા, મશીન હેન્ડલિંગ, માપણી, કપડાંની ડિઝાઈનિંગ, ફોલ પિકો, બ્લાઉઝ સ્ટિચિંગ, પેન્ટ-શર્ટ, ચુડીદર, કિડસ વેર સહિતના વિવિધ પ્રાયોગિક વિષયો શીખવવામાં આવશે. તાલીમ દરમિયાન કોઈ પ્રકારનો આર્થિક બોજ ન પડે તેથી જરૂરી દરેક સામગ્રી સંસ્થા તરફથી જ આપવામાં આવી છે.

આ તાલીમ દ્વારા સંસ્થાનો મુખ્ય હેતું બહેનોને આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવવાનો છે. સંસ્થા માને છે કે એક બહેન સશકત બને છે તો આખો પરિવાર સશકત બને છે. આ સિવણ કલાસ તે દિશામાં એક મહત્ત્વ પૂર્ણ પગલું છે.





## ➤ નવેમ્બર માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી મિનાબેન ધાંમેચા |
| ૨. | શ્રી ઉદયભાઈ અગ્રવાલ |
| ૩. | શ્રી હિમેશભાઈ ત્રિવેદી |
| ૪. | શ્રી અશ્વિનભાઈ અગ્રવાલ |
| ૫. | શ્રી મિહિરભાઈ મણીયાર |
| ૬. | શ્રી અભિનવભાઈ ગર્ગ |
| ૭. | ડૉ. હાર્દિકભાઈ ખત્રી |
| ૮. | ડૉ. શિલ્પાબેન દોશી |
| ૯. | શ્રી બટુકભાઈ પરમાર |


# ડિસેમ્બર-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૦૬ ડિસેમ્બર ૨૦૨૫ | બાબાસાહેબ આંબેડકર વિશે માહિતી. |
| ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ | નાતાલ પર્વની ઉજવણી. |











## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુક્ત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**